**જિલ્લા પંચાયતમાં બીજી સામાન્ય સભામાં રૂ.11.30 કરોડનાં વિકાસકાર્યોને મંજૂરી**

# સુરત જિલ્લાની પંચાયતી વ્યવસ્થામાં સોલાર ક્રાંતિનો આરંભ થશે

**સૌર** ઊર્જા, જળસંચય, આરઓ પ્લાન્ટ, રોડ અને ગટર સહિત અનેક વિકાસકામોને લીલી ઝંડી

**100 ટકા** વેરા વસૂલાત કરનારા તલાટીઓને સન્માનિત કરાશે

**ભલે મોડે મોડે પણ નવા ભવન માટે ભાવેશ પટેલનું સન્માન કરાયું**

નવા ભવન માટે થયેલા સતત પ્રયાસો બદલ ભાવેશ પટેલનું સૌ સભ્યો અને પંચાયત પ્રમુખો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન એવી પણ વાતો થઈ હતી કે હવે આટલા વર્ષ પછી સન્માન કરવાનું કેમ થયું? ભલે મોડે મોડે પણ સન્માન કરાયું.

સુરતઃ સુરત જિલ્લા પંચાયત ભવનમાં આજે ખાસ સામાન્ય સભાની બેઠક યોજાઈ હતી. જેમાં અનેક મહત્વપૂર્ણ વિકાસકાર્યોને મંજૂરી આપવામાં આવી હતી. જેમાં ખાસ ૧૮૨ ગ્રામ પંચાયતોમાં સોલાર રૂફટોપ સિસ્ટમ માટે સરકારે મંજૂરી આપી દીધી હતી.

આ બેઠકમાં 15માં નાણાપંચ હેઠળ મળેલા કુલ 11.30 કરોડના ગ્રાન્ટના કામોને બહાલી આપવામાં આવી છે. તેમાં પાણીના કામો માટે રૂ.૩.૨૫ કરોડ ફાળવ્યા છે. જેમાં પાણીની ટાંકી માટે રૂ.૧ કરોડ અને આરઓ પ્લાન્ટ માટે રૂ.૧ કરોડનો ખર્ચ પ્રસ્તાવિત છે. આ સિવાય ગટરલાઈન, શૌચાલયો અને પીવાના પાણીના પાઈપલાઈન માટે રૂ.૩.૦૭ કરોડ ફાળવ્યા છે. સીસીરોડ, વીજળીકરણ, રોડ રસ્તા, પશુપાલન અને સૌર ઊર્જા માટે રૂ.૪.૫ કરોડથી વધુ ફાળવ્યા છે. જળસંચય માટે રૂ.50 લાખ, જેમાં પાછળ પડેલા સરકારી બંધ બોરોનું પુનરજીવન અને રિચાર્જ સ્ટ્રક્ચર બનાવવાનું છે.

સૌર ઊર્જા માટે જિલ્લા પંચાયતને રૂ.3.50 કરોડની ગ્રાન્ટ મળી ગઈ છે. આ ગ્રાન્ટ દ્વારા ૧૮૨ ગ્રામ પંચાયતોમાં સોલાર રૂફટોપ સિસ્ટમ લગાડવામાં આવશે. આજના સમયમાં ઊર્જા બચાવ અને પર્યાવરણ સંરક્ષણ માટે સૌર ઊર્જા સૌથી ઉપયોગી વિકલ્પ બની છે. જિલ્લા પંચાયતની તંત્ર દ્વારા આ પ્રપોઝલ ઘણા મહિના પહેલાં સરકારને મોકલવામાં આવી હતી, જેને સરકાર તરફથી મંજૂરી મળી ગઈ છે. જિલ્લામાં વેરા વસૂલાત અભિયાન અંતર્ગત ૩૨૧ ગ્રામ પંચાયતમાં ૮૦ ટકા કરતાં વધુ વસૂલાત થઈ ગઈ છે. જ્યાં ૧૦૦ ટકા વસૂલાત થઈ છે, તેવા તલાટીઓને પ્રોત્સાહન આપવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો છે.

# RTE હેઠળ આ વર્ષે અરજીઓની સંખ્યા ઘટી, વાલીઓમાં ઉદાસીનતા જોવા મળી

**આવક** મર્યાદા વધારવા છતાં 6,212 ફોર્મ ઓછાં ભરાયાં

**કુલ** 15,229 બેઠક સામે 30,911 ફોર્મ ભરાયાં, હાલ મંજૂર ફોર્મ મુજબ 70 ટકાને જ પ્રવેશ મળશે

**5088 ફોર્મ વાલીઓએ પોતે જ કેન્સલ કરી દીધાં**

આ વખતે કુલ 30911 ફોર્મ ભરાયા છે તેમાંથી 21,864 ફોર્મ મંજૂર કરવામાં આવ્યા છે. 1,304 ફોર્મ રીજેક્ટ કરાયા છે, જેમાં ખોટા પુરાવા અથવા આધાર દસ્તાવેજોની અછત જોવા મળી હતી. 5,088 ફોર્મ વાલીઓએ પોતે કેન્સલ કરેલા છે અથવા તો બીજું ફોર્મ ભર્યું હોવાને કારણે રદ કરાયા છે. 2,655 ફોર્મનું વેરિફિકેશન હજુ બાકી છે, જેનું કામ આગામી દિવસોમાં પૂર્ણ થશે.

સુરતઃ RTE હેઠળ ફોર્મ ભરવાની સમયમર્યાદા એક મહિનો લંબાવાઈ હતી. તેમ છતા આ વર્ષે ફોર્મ ભરાવાની સંખ્યા ઘટી છે. ગયા વર્ષે આરટીઈ હેઠળ કુલ 37,123 અરજીઓ મળી હતી, જ્યારે આ વર્ષે ફક્ત 30,911 અરજીઓ જ આવી છે. એટલે કે છેલ્લા વર્ષે કરતાં 6,212 ઓછા ફોર્મ ભરાયા છે. સરકારના પ્રયાસો છતાં વાલીઓમાં અગાઉ જેટલો ઉત્સાહ જોવા મળ્યો નથી. આ વર્ષે આરટીઈ હેઠળ કુલ 15,229 બેઠકો ઉપલબ્ધ છે. કુલ 30,911 ફોર્મ સામે જો જોવા જઈએ તો અંદાજે 203% અરજીઓ મળેલી છે. એટલે કે, તમામ ફોર્મ માન્ય ઠરે તો દરેક 100 બેઠકો માટે અંદાજે 203 અરજીઓ છે. દરેક બાળકને પ્રવેશ ન મળે એ નિશ્ચિત છે, કારણકે કુલ 15,229 બેઠકો સામે 30,911 અરજીઓ છે. જો ફક્ત માન્ય થયેલા 21,864 ફોર્મના આધારે વિચારીએ, તો પણ દરેક માટે જગ્યા મળવી મુશ્કેલ રહેશે. માન્ય ફોર્મ પ્રમાણે પ્રવેશ મળવાનું પ્રમાણ આશરે 70% આસપાસ રહેવાની શક્યતા છે.

# ખેડૂતોને મળેલા વળતરમાંથી કંપનીના અધિકારીઓએ 15 ટકા કમિશન લીધું!

**મોતા** ગામે ખેડૂતોની બેઠકમાં સુરત જિલ્લા ખેડૂત સમાજના પ્રમુખ પરિમલ પટેલનો આક્ષેપ



બારડોલી: સુરત જિલ્લાના મોતા ગામે ખેડૂત સમાજના નેજા હેઠળ પાવરગ્રીડ અને સ્ટરલાઈટ કંપની દ્વારા ખેતરોમાંથી પસાર થતી નવી વીજલાઇનોના વિરોધમાં ખેડૂતોની એક મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.

વટામણ-નવસારી, અમદાવાદ-નવસારી પાવરગ્રીડની અને દક્ષિણ ઓલપાડથી બોઇસર સુધીની સ્ટરલાઈટની 765 કેવીની નવી લાઇન સામે ખેડૂતોએ સંગઠિત થઈને લડત આપવાનો નિર્ધાર કર્યો છે. સુરત જિલ્લા ખેડૂત સમાજના પ્રમુખ પરિમલભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી આ બેઠકમાં મોટી સંખ્યામાં ખેડૂતોએ ભાગ લીધો હતો. પરિમલ પટેલે આક્ષેપ કર્યો હતો કે, વીજ ટ્રાન્સમિશન લાઇન ઊભી કરતી કંપનીઓના કેટલાક અધિકારીઓએ ખેડૂતોને મળેલા વળતરમાંથી 15 ટકા કમિશન લીધું હોવાની અને કેટલાક બની બેઠેલા ખેડૂત આગેવાનોએ કંપનીના અધિકારીઓ પાસે પૈસા માંગ્યા હોવાની બાબત સામે આવી છે. પરિમલભાઈએ નવી વીજલાઇનોથી થનારી જમીન અને પાકના નુકસાન અંગે ખેડૂતોને માહિતગાર કર્યા હતા અને તેમને તેમના અધિકારો વિશે સમજણ આપી હતી. તમામ ખેડૂતોએ એકસૂરે જ્યાં સુધી યોગ્ય વળતર ન મળે ત્યાં સુધી પોતાના ખેતરમાંથી આ લાઇન પસાર થવા દેવા સામે મક્કમ રહેવાનો સંકલ્પ કર્યો હતો. પરિમલભાઈએ વીજ કંપનીઓની ખેડૂતોને છૂટા પાડી નોટિસ આપવાની નીતિની ટીકા કરી હતી. આ બેઠકમાં નક્કી કરવામાં આવ્યું હતું કે, ગામોમાં પાવરગ્રીડ અને સ્ટરલાઈટ કંપનીના અધિકારીઓ કે કર્મચારીઓને પ્રવેશ આપવામાં આવશે નહીં અને તે મુજબનાં બેનર પણ ગામડાઓમાં લગાવવા માટે નક્કી કરવામાં આવ્યું હતું. હાલના જૂના ટેલિગ્રાફ એક્ટને પણ ખેડૂતોએ મંજૂર ન હોવાનાં બેનર લગાવવાનું નક્કી કરાયું હતું.

**નવસારીની મહિલા સાથે 2.79 લાખની છેતરપિંડી**

# તબીબી અભ્યાસ માટે યુનિ.ના બોગસ લેટર આપી વિદ્યાર્થિનીને વિદેશ મોકલી આપી, ચર્ચમાં રાખી

**સરથાણાની** જય અંબે એમ્બ્રો.પ્રા.લિ. એજન્સીના ત્રણ સામે ફરિયાદ

સુરતઃ નવસારી રેલવે સ્ટેશનની સામે નગીન જીવણ ચાલમાં રહેતા ગીતાબેન દિનેશભાઈ વર્મા સુરત ટેક્ષટાઈલ માર્કેટમાં નોકરી કરે છે. વર્ષ ૨૦૨૪માં ગીતાબેને તેમની મોટી દીકરી જાહન્વીને MBBSના અભ્યાસ માટે રશિયા મોકલવાના હોય સરથાણા જકાતનાકા પાસે દિપકલમ કોમ્પ્લેક્ષમાં આવેલ જય અંબે એબ્રોડ પ્રાઈવેટ લિમિટેડ એજન્સીની ઓફિસમાં મળવા માટે ગયા હતા. જ્યા ઓફિસમાં એજન્સીના માલીક પ્રવિણ કેશુ ગજેરા, મેનેજર ઔષીતકુમાર અશોક લુખી અને શિતલબેન લુખીએ ટીમોર દેશમાં આવેલી કેટોલીકા ટિમોરેન્સ યુનિર્વસિટીમાં MBBSના અભ્યાસ માટે વિવિધ ચાર્જ સાથે ૩૦ લાખ થશે, જેમાં ૧૫ લાખની તમારા ઘર ઉપર લોન મંજૂર થઈ જશે હોવાનું કહી યુનિર્વસિટીનો ઓફર લેટર આપી રૂપિયા ૨,૭૯,૭૮૫ પડાવ્યા હતા. 1 ફેબ્રુઆરી. મુંબઈ એરપોર્ટથી ઔષીતકુમાર તમામ વિદ્યાર્થીઓને લઈને પોતે ટિમોર મોકલી આપ્યા હતા. જો કે આરોપીઓએ વિદ્યાર્થીઓને જે કેટોલીકા ટિમોરેન્સ યુનિર્વસિટી તથા હોસ્ટેલ જેવું કશું નથી અને વિદ્યાર્થિનીઓને પ્રાઈવેટ ચર્ચની જગ્યામાં રૂમમાં રાખ્યા હતા. આ અંગે જાહન્વીએ તેની માતા ગીતાબેનને ફોન કરી જાણ કરતાં તેઓએ પરત ભારત બોલાવી લીધી હતી. આ અંગે પ્રવિણ ગજેરા સહિત ત્રણેય પાસે પૈસા પરત માગત ન આપી છેતરપિંડી કરતાં સરથાણા પોલીસે ગીતાબેનની ફરિયાદ લઈ ત્રણેય સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# વાપીમાં શહેર ભાજપ પ્રમુખનો સન્માન સમારંભ શરૂ થાય તે પહેલાં બબાલ, કાર્યક્રમ પડતો મુકાયો

**ડુંગરા** વિસ્તારના લોકોએ પાલિકાના માજી સભ્યો, નેતાઓનો ઘેરાવ કરવા પ્રયાસ કરતાં વાતાવરણ તંગ બન્યું

વાપી : વાપીના ડુંગરા હરિયાપાર્કમાં મંગળવારે સાંજે શહેર ભાજપ પ્રમુખના સન્માનના કાર્યક્રમની શરૂઆત થાય તે પહેલા જ રસ્તાના કામ નહીં થતા સ્થાનિક યુવકોએ ભારે બબાલ કરતા સન્માન કાર્યક્રમ પડતો મૂકવાની આયોજકોને ફરજ પડી હતી. ડુંગરા વિસ્તારના 150થી વધુ સ્થાનિક યુવકોએ કાર્યક્રમ સ્થળે પહોંચી દેગામ રોડ- સેલવાસ રોડને જોડતા રસ્તો નહીં બનતા ભારે હોબાળો મચાવ્યો હતો. સ્થાનિકો લોકોએ હાજર પાલિકાના માજી સભ્યો, નેતાઓનો ઘેરવા કરવા પ્રયાસ કરતાં વાતાવરણ તંગ બન્યું હતું. આ કાર્યક્રમમાં ભાજપના કેટલાક નેતાઓની સૂચક ગેરહાજરી જોવા મળી હતી. ભાજપના કાર્યક્રમમાં ભારે હોબાળો થતાં કાર્યક્રમ શરૂ થાય તે પહેલા જ પડતો મૂકવાની ફરજ પડી હતી. વાપી સાચી હાઈટ્સ, હરિયા પાર્ક, ડુંગરા ખાતે મંગળવારે સાંજ 6 કલાકે વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ દેસાઈની વરણી બાદ સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં માજી પાલિકા પ્રમુખ પરેશ દેસાઈ, પારૂલબેન દેસાઈ, ભાજપ મહામંત્રી ભવલેશ કોટડિયા સહિતના નેતાઓ પહોંચ્યા હતાં. કાર્યક્રમ પહેલા વોર્ડ નં-5ના 150થી વધુ સ્થાનિક યુવકો પહોંચી નેતાઓ સાથે રસ્તા કેમ નથી બન્યો તે વાતને લઈને ભારે ચડભડ થઈ હતી. યુવકોએ આગેવાનો સાથે દેગામ રોડ- સેલવાસ રોડને જોડતા વોર્ડ નં-5નો રસ્તો કેમ બનાવતાં નથી એવા વેધક સવાલો રજુ કરતાં ભારે હોબાળો થયો હતો. જ્યારે શહેર ભાજપ પ્રમુખ સહિતના નેતાઓ સ્થળ પર નહીં પહોંચતાં સમગ્ર કાર્યક્રમને પડતો મૂકવાની ફરજ પડી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લી પાલિકાની ચૂંટણીમાં ભાજપને અહી 3 બેઠકો ઉપર પરાજયનો સામનો કરવો પડ્યો હતો. રસ્તાના મુદ્દે મંગળવારે સન્માન સમારંભમાં જે રીતે સ્થાનિક યુવકોએ આક્રમક રજૂઆત કરી હતી તે જોતા આગામી દિવસોમાં ફરી ડુંગરાના રાજકીય માહોલમાં ગરમાટો આવી શકે છે. દેગામ રોડ- સેલવાસ રોડને જોડતો વોર્ડ નં-5નો રસ્તો બનાવવા રજૂઆતો કરી છે, આમ છતાં સ્થાનિક નેતાઓએ કોઈ ધ્યાન આપ્યું નથી. તેના કારણે યુવકોએ કાર્યક્રમમાં પહોંચીને રજૂઆત કરવાની ફરજ પડી હોવાનું હોવાનું જાણવા મળે છે.

**સિનિયર સિટિઝન માટે સરકારની નવી પહેલ**

# હવે પેન્શન માટે બેંક કે ટ્રેઝરીમાં ધક્કા નહીં ખાવા પડે

**પોસ્ટમેન** ઘરે આવી વૃદ્ધ પેન્શનરોનું હયાતીનું સર્ટિફિકેટ ઓનલાઈન અપલોડ કરશે

**પોસ્ટ વિભાગની જવાબદારી વધશે, પણ સરળતા મળશે પેન્શનરોને**

પોસ્ટ વિભાગના અધિકારીઓ મુજબ, ખાસ તાલીમથી પોસ્ટમેનને આ કામગીરી માટે તૈયાર કરવામાં આવ્યા છે. તેઓ પેન્શનરના આધારકાર્ડ, પેન્શન સંબંધિત વિગતો અને ફોટો સાથે લાઇફ સર્ટિફિકેટને ડિજિટલી સાબિત કરશે. ઘર બેઠાં હયાતી સર્ટિફિકેટની પ્રક્રિયા થવાને લઈને વૃદ્ધ નાગરિકોમાં પણ ખુશીની લાગણી છે.

સુરતઃ સુરત શહેર અને જિલ્લામાં પેન્શન મેળવનારા સિનિયર સિટીઝન માટે એક મોટા રાહતના સમાચાર છે. વર્ષોથી પેન્શનર વૃદ્ધ નાગરિકોને દર વર્ષે પેન્શન ચાલુ રાખવા માટે બેંકમાં જઈ હયાતીનું પ્રમાણપત્ર આપવું ફરજિયાત હતું. જેના કારણે ઉંમરદરાજ નાગરિકોને બેંક અને ટ્રેઝરી કચેરીમાં ધક્કા ખાવા પડતા હતા. પણ હવે તેમની આ મુશ્કેલીનો અંત આવ્યો છે.

સરકાર દ્વારા પેન્શન વિતરણ પ્રક્રિયામાં એક નવી વ્યવસ્થા અમલમાં મૂકાઈ છે, જેમાં હવે પોસ્ટ વિભાગના કર્મચારી પોસ્ટમેન પેન્શનરોના ઘરે જઈને હયાતીનું પ્રમાણપત્ર ઉપલબ્ધ કરાવશે. આ સર્ટિફિકેટ તેઓ મોબાઈલ એપ્લિકેશન દ્વારા તાત્કાલિક ઓનલાઈન અપલોડ કરશે. આ આધારે ટ્રેઝરી વિભાગ પેન્શન જારી રાખશે. આ નવી યોજના અંતર્ગત વૃદ્ધ નાગરિકોને હવે બેંક કે કચેરી સુધી જવાની જરૂર નહીં પડે. હયાતી પ્રમાણપત્ર હવે તેમના ઘરે જ તૈનાત પોસ્ટમેન દ્વારા ભરાશે. કોઈ ડિજિટલ જ્ઞાન ન હોવા છતાં પણ કામગીરી સરળતાથી પૂર્ણ થશે અને પેન્શન સમયસર જળવાશે અને કોઈ વિલંબ નહીં થાય. આ પગલાંથી લાખો પેન્શનરોને આરામદાયક અનુભવ મળશે. ખાસ કરીને એવા નાગરિકો માટે, જેમને ચાલવામાં તકલીફ હોય કે જેમના બાળકો/સહાય માટે કોઈ ન હોય, માટે આ વ્યવસ્થા આશીર્વાદરૂપ સાબિત થશે.

## અનુસંધાન... પાના પહેલાનું

### નેશનલ હેરાલ્ડ કેસ...

કાર્યવાહી માટે ૨૫ એપ્રિલ પર મુલતવી રાખી હતી. ચાર્જશીટમાં કોંગ્રેસના નેતા સેમ પિત્રોડા અને સુમન દુબેનું પણ નામ આરોપી તરીકે છે. સૂત્રોએ જણાવ્યું હતું કે અન્ય આરોપીઓમાં યંગ ઈન્ડિયન, ડોટેક્સ મર્ચેન્ડાઈઝ પ્રાઈવેટ લિમિટેડ અને સુનિલ ભંડારીનો સમાવેશ થાય છે. ચાર્જશીટમાં કોંગ્રેસના ભૂતપૂર્વ પ્રમુખ સોનિયા ગાંધીનું નામ આરોપી ક્રમાંક ૧ તરીકે અને તેમના પુત્ર તથા લોકસભાના વિપક્ષના નેતા રાહુલ ગાંધીનું નામ આરોપી ક્રમાંક ૨ તરીકે મૂકવામાં આવ્યું છે. EDના ખાસ સરકારી વકીલ એન કે મટ્ટા દ્વારા પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટની કલમ 3(મની લોન્ડરિંગ) અને 4(મની લોન્ડરિંગ માટે સજા) હેઠળ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી વિરુદ્ધ આ પહેલી વાર ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. ગાંધી પરિવારે તરત કોઈ પ્રતિક્રિયા આપી નથી, પરંતુ કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરીએ આને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું કાવતરું ગણાવ્યું હતું અને કહ્યું હતું કે આ કોંગ્રેસને નષ્ટ કરવાનું વડા પ્રધાન મોદીનું કાવતરું છે... તમે તેમની (ઈડી)ની પાસે કંઈ પણ કરાવી શકો છો અને અમને તેની પરવા નથી. અમે ભાજપ અને વડા પ્રધાન મોદીથી ડરતા નથી અમે આ સામે લડીશું એમ તેમણે કહ્યું હતું.

### કોંગ્રેસ દેશવ્યાપી...

મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી, બ્રિટિશ સંસ્થાનવાદી શાસન સામે એક શક્તિશાળી અવાજ તરીકે સેવા આપી હતી. આ કાર્યવાહીને કઠોર ગણાવતાં વેણુગોપાલે કહ્યું હતુ કે, સરકારે મનસ્વી અને અન્યાયી રીતે નેશનલ હેરાલ્ડની સંપત્તિ જપ્ત કરી હતી.

### નેશનલ હેરાલ્ડ...

ફરિયાદની નોંધ લીધા પછી 2021 માં EDએ તપાસ શરૂ કરી હતી. ED એ જણાવ્યું હતુ કે ફરિયાદ મુજબ સોનિયા, રાહુલ અને અન્ય આરોપીઓની એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ (AJL) ની 2,000 કરોડ રૂપિયાથી વધુની મિલકતોના કપટપૂર્ણ ટેકઓવરના સંબંધમાં મની લોન્ડરિંગમાં કથિત સંડોવણી હતી. AJL એ યંગ ઇન્ડિયન પ્રાઇવેટ લિમિટેડની માલિકીના નેશનલ હેરાલ્ડ ન્યૂઝ પ્લેટફોર્મ (અખબાર અને વેબ પોર્ટલ) નું પ્રકાશક છે.કોંગ્રેસ નેતાઓ સોનિયા અને રાહુલ યંગ ઈન્ડિયનના બહુમતી શેરધારકો છે અને તેમનામાંથી દરેક પાસે ૩૮ ટકા શેર છે. આ કેસમાં ED દ્વારા થોડા વર્ષો પહેલા તેમની કલાકો સુધી પૂછપરછ કરવામાં આવી હતી.

### કોંગ્રેસ આને...

પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું. કોંગ્રેસના નેતા અભિષેક સિંઘવીએ આ કેસને બનાવટી ગણાવ્યો અને કહ્યું કે સરકાર આવી કાર્યવાહી કરીને પોતાને અને તેની બદલાની રાજનીતિને ખુલ્લી પાડી રહી છે. નેશનલ હેરાલ્ડ કેસમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને અન્ય લોકો સામે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ચાર્જશીટ દાખલ કરવામાં આવ્યા બાદ ભાજપે મંગળવારે કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે ભ્રષ્ટાચાર અને જાહેર સંપત્તિની લૂંટમાં સંડોવાયેલા લોકોએ હવે વળતર ચૂકવવું પડશે.

### છુટક ફુગાવો...

2025માં તે સૌથી નીચો છે. આમ ફુગાવો કોરોના મહામારીના સમય પહેલાંના સ્તર પર પહોંચ્યો હતો. નેશનલ સ્ટેટીસ્ટીક્સ ઓફિસ (એનએસઓ) દ્વારા મંગળવારે જાહેર કરાયેલા આંકડા અનુસાર, માર્ચમાં છૂટક ખાદ્ય ફુગાવો 2.69 ટકા હતો જે ફેબ્રુઆરીમાં 3.75 ટકા અને માર્ચ 2024માં 8.52 ટકા હતો.

બીજી બાજુ માર્ચમાં જથ્થાબંધ ભાવાંક ફુગાવો ઘટીને 6 મહિનાની નીચલી સપાટી 2.05 ટકાએ પહોંચી ગયો હતો, શાકભાજી, બટાકા અને અન્ય ખાદ્ય ચીજોના ભાવમાં ઘટાડાના કારણે ફુગાવો ઘટ્યો હતો. ફેબ્રુઆરીમાં જથ્થાબંધ ભાવાંક (ડબ્લ્યુપીઆઈ) આધારિત ફુગાવો 2.38 ટકા હતો. ગયા વર્ષે માર્ચમાં તે 0.26 ટકા હતો. 'માર્ચ 2025માં ફુગાવાનો હકારાત્મક દર મુખ્યત્વે ખાદ્ય ઉત્પાદનો, અન્ય ઉત્પાદન, ખાદ્ય વસ્તુઓ, વીજળી અને કાપડ વગેરેના ઉત્પાદનના ભાવમાં વધારાને કારણે છે. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં, ડબ્લ્યુપીઆઈ ફુગાવો 1.91 ટકા હતો જે આ વર્ષે માર્ચમાં નોંધાયેલા 2.05 ટકા કરતા ઓછો હતો.

### હરિયાણામાં જમીન...

56 વર્ષીય વાડ્રા મધ્ય દિલ્હીના સુજાન સિંહ પાર્ક સ્થિત તેમના નિવાસસ્થાનથી એ પી જે અબ્દુલ કલામ રોડ પર આવેલા ઈડીના મુખ્યાલય સુધી ચાલીને ગયા હતા, જે બે કિલોમીટર દૂર છે. તેઓ સવારે 11 વાગ્યે તેમના વકીલ સાથે ઈડી કાર્યાલય પહોંચ્યા હતા, જ્યારે તેમની સુરક્ષા ટીમને બહાર રાખવામાં આવી હતી. ઈડી કાર્યાલય જતા સમયે પત્રકારો સાથે વાત કરતા તેમણે આરોપ લગાવ્યો કે, 'આ રાજકીય બદલો લેવા સિવાય બીજું કંઈ નથી. જ્યારે પણ હું લઘુમતીઓ માટે બોલું છું ત્યારે તેઓ મને રોકવાનો પ્રયાસ કરે છે, અમને કચડી નાખવાનો પ્રયાસ કરે છે. વાડ્રા સાંજે 6.30 વાગ્યે ઈડીની ઓફિસથી બહાર નીકળ્યા હતા. કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાના પતિ વાડ્રા સામેની તપાસ હરિયાણાના ગુડગાંવમાં માનેસર શિખોપુરમાં (હવે સેક્ટર 83) એક જમીનના સોદા સાથે સંબંધિત છે.

### આ વર્ષે...

સેમીના લાંબા ગાળાના સરેરાશના 105 ટકા કુલ વરસાદ પડવાનો અંદાજ છે, એમ ભારતીય હવામાન ખાતાના (આઈએમડી) વડા મૃત્યુંજય મહાપાત્રાએ અહીં એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું. દક્ષિણપશ્ચિમ ચોમાસું 1 જૂનથી 30 સપ્ટેમ્બર સુધી રહે છે. અલ નીનોની સ્થિતિ આ વખતે વિકસિત થવાની શક્યતા નથી જેના કારણે ભારતીય ઉપમહાદ્વિપમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ પડે છે, એમ તેમણે જણાવ્યું હતું. દેશના કેટલાક ભાગો પહેલાથી જ ભારે ગરમીનો સામનો કરી રહ્યા છે અને એપ્રિલથી જૂનના સમયગાળામાં હિટવેવના દિવસો નોંધપાત્ર રીતે વધુ રહેવાની અપેક્ષા છે. આનાથી પાવર ગ્રીડ પર દબાણ આવી શકે છે અને પાણીની અછત સર્જાઈ શકે છે. જો કે, સામાન્ય સંચિત વરસાદની આગાહીનો અર્થ એ નથી કે સમગ્ર દેશમાં દરેક વિસ્તારમાં એકસમાન વરસાદ થશે.

ભારતના કૃષિ ક્ષેત્ર માટે ચોમાસુ મહત્વપૂર્ણ છે, ખેતી લગભગ 42.3 ટકા વસ્તીની આજીવિકાને ટેકો આપે છે અને દેશના જીડીપીમાં 18.2 ટકાનો ફાળો આપે છે. વાવેતર વિસ્તારનો 52 ટકા ભાગ વરસાદ પર આધાર રાખે છે. દેશભરમાં વીજ ઉત્પાદન ઉપરાંત પીવાના પાણી માટે મહત્વપૂર્ણ જળાશયોને ફરીથી ભરવા માટે પણ વરસાદ મહત્વપૂર્ણ છે.

### આગામી 15...

આપી શકુ પણ આગામી 15 દિવસમાં ભારત સરકાર નવી ટોલ પોલિસી લાગુ કરશે.' નવી સિસ્ટમ લાગુ થવા પર સેટેલાઈટ ટ્રેકિંગ મારફતે ટોલ પોતાની જાતે જ કપાઈ જશે, એમ નીતિન ગડકરીએ જણાવ્યું હતું. સેટેલાઈટ મારફતે વાહનની નંબર પ્લેટની ઓળખ કરવામાં આવશે જેનાથી જાતે જ ટોલ કપાઈ જશે. આ નવી પદ્ધતિ બાદ મેન્યુઅલી ટોલ કલેક્શનની જરૂર નહીં પડે. ગડકરીએ દેશના રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અંગે કહ્યું કે 'આવનારા બે વર્ષોમાં ભારતનું રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અમેરિકા કરતાં પણ સારું હશે. આ વર્ષે જૂન મહિના સુધી મુંબઈ-ગોવા હાઈવે બનીને તૈયાર થઈ જશે જેનાથી બંને વચ્ચેની મુસાફરીનો સમય ઓછો થઈ જશે.

### બળાત્કાર કેસમાં...

હતા અને ત્યારે એવું નિરીક્ષણ કર્યું હતું કે ફરિયાદણે દારૂ પીધા બાદ આરોપીના ઘરે જઇને પોતે જ મુશ્કેલીને આમંત્રણ આપ્યું હતું. સુપ્રીમ કોર્ટના આ અવલોકનો ત્યારે આવ્યા જ્યારે તે 17 માર્ચના અલ્હાબાદ હાઈકોર્ટના એક અન્ય આદેશ પરના સુઓમોટુ કેસની સુનાવણી કરી રહી હતી જેમાં હાઈકોર્ટે કહ્યું હતું કે મહિલાની છાતી પકડવી કે પાયજામાનું નાડુ ખેંચવું એ બળાત્કારના પ્રયાસનો ગુનો ગણાય નહીં. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે સામાન્ય માણસ આવા અવલોકનોને કેવી રીતે સમજે છે તે ધ્યાનમાં રાખવું જરૂરી છે. બેન્ચે આ સ્વયંભૂ કેસની સુનાવણી ચાર સપ્તાહ માટે મુલતવી રાખી છે.

### ટ્રમ્પ સરકારે...

દબાણ પણ કર્યુ છે. હાર્વર્ડના અધ્યક્ષ એલન ગાર્બરે સોમવારે હાર્વર્ડ સમુદાયને લખેલા પત્રમાં કહ્યું હતું કે માગણીઓ યુનિવર્સિટીના 'ફર્સ્ટ એમેન્ડમેન્ટ' હકોનો ભંગ કરે છે અને 'ટાઈટલ 6' હેઠળ સરકારની સત્તાની મર્યાદાઓને વટાવે છે, જે વિદ્યાર્થીઓ સાથે તેમની જાતિ, રંગ અથવા રાષ્ટ્રીય મૂળના આધારે ભેદભાવને પ્રતિબંધિત કરે છે.'કોઈ પણ સરકાર (કયો પક્ષ સત્તામાં છે તે ધ્યાનમાં લીધા વિના) ખાનગી યુનિવર્સિટીઓ શું શીખવી શકે છે, કોને પ્રવેશ આપી શકે છે અને નોકરી આપી શકે છે, અને અભ્યાસના કયા ક્ષેત્રોને આગળ વધારી શકે છે તે નક્કી ન કરી શકે', એમ ગાર્બરે લખ્યું. તેમણે ઉમેર્યું કે યુનિવર્સિટીએ યહૂદી-વિરોધને સંબોધવા માટે વ્યાપક સુધારા કર્યા છે.સરકારે એવી પણ દલીલ કરી છે કે ગયા વર્ષે ગાઝામાં ઈઝરાયલના યુદ્ધ સામે કેમ્પસમાં વિરોધ પ્રદર્શનોને યુનિવર્સિટીઓએ અનિયંત્રિત રીતે ચાલવા દીધા હતા, જો કે યુનિવર્સિટીએ તેનો ઈનકાર કર્યો છે.


### દિલ્હી ડાયરી...

રાજકીય ગલિયારાઓમાં આ શક્યતા અંગે અટકળો વધતી ગઈ તેમ શાહે આકરા પ્રહારો કર્યા અને પવાર પર દગો અને વિશ્વાસઘાતના રાજકારણના જનક હોવાનો આરોપ લગાવ્યો. સામાન્ય રીતે શાંત અને પ્રતિક્રિયા આપવા માટે સંયમિત રહેતા પવારે આ વખતે જવાબ આપતાં કહ્યું કે દેશના ગૃહમંત્રીને આવા શબ્દોનો ઉપયોગ કરવો અયોગ્ય છે. વરિષ્ઠ રાજકીય નેતાએ શાહ પર પણ વળતો પ્રહાર કર્યો અને સુપ્રીમ કોર્ટ દ્વારા ગુજરાતમાંથી તેમની હકાલપટ્ટીનો ઉલ્લેખ કરતાં તેમને તડીપાર ગણાવ્યા. ત્યાર બાદ, શાહે ફરીથી પવાર પર નિશાન સાધ્યું અને તેમને યુપીએ સરકાર હેઠળ દેશના કૃષિ મંત્રી તરીકે નકામા ગણાવ્યા.

**ચૂંટણીમાં હાર બાદ કેજરીવાલનું સંપૂર્ણ મૌન!**

દિલ્હીમાં ભાજપ દ્વારા સત્તા પરથી હાંકી કાઢવામાં આવ્યા બાદ આમ આદમી પાર્ટી (આપ) અને ભાજપ એકબીજાની મજાક ઉડાવવામાં કોઈ કસર છોડી રહ્યા નથી. ભાજપે 26 વર્ષ પછી રાષ્ટ્રીય રાજધાનીમાં વિધાનસભાની ચૂંટણી જીતીને ફરીથી સત્તા મેળવી હતી. આપના રાજ્યસભા સભ્ય અને તેના અગ્રણી જાહેર ચહેરા સંજય સિંહે તાજેતરમાં 'દિલ્હીમાં ભાજપની સિદ્ધિઓ' નામના પુસ્તકનું વિમોચન કર્યું.

# આગામી તા.20મી એપ્રિલે મુંબઈમાં સૌ પ્રથમ કવિ કાન્ત સ્મરણોત્સવ યોજાશે




સુરતઃ ભવન્સ કલ્ચરલ સેન્ટર - અંધેરીના સહયોગથી પૂર્વાલાપ ફાઉન્ડેશન દ્વારા આગામી રવિવારે તા.20મી એપ્રિલના રોજ સવારે ૧૦.૦૦ થી ૦૧.૩૦ કલાક દરમિયાન મુંબઈ, અંધેરી પશ્ચિમ, ભવન્સ કોલેજ કેમ્પસ ખાતેના એસપી જૈન ઓડિટોરિયમમાં સૌપ્રથમ કવિ કાન્ત સ્મરણોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કાર્યક્રમની હાઈલાઈટ 'કવિ કાન્ત' ફિલ્મનો પ્રિમિયર શો રહેશે. આ પ્રસંગે મુખ્ય વક્તા તરીકે કાન્તના જીવનકવનને આવરતાં નાટક 'જળને પડદે'ના લેખક ડૉ. સતીશ વ્યાસ રહેશે. જ્યારે ખાસ અતિથી તરીકે ભારતના એકમાત્ર પ્રવૃત્તિશીલ સ્વીડનબોર્ગિયન દેવળના રેવરન્ડ પીટર દેવાસી કેરળથી પધારશે.

# કૂતરાં કેમ ભસે છે? એ જોવા જતાં છુપાયેલા દીપડાનો આધેડ પર હુમલો

**કઠવાડામાં** બકરાં ચરાવવા ગયેલા વિરમ વસાવા ઉપર દીપડાના હુમલાથી કાન અને હાથ ઉપર ઇજા



હથોડાઃ કઠવાડા ગામના 55 વર્ષના આધેડ બકરા ચરાવવા સીમમાં ગયા હતાં. જ્યાં દીપડાએ હુમલો કરી લોહીલુહાણ કરતાં સૌપ્રથમ વેલાછા અને ત્યારબાદ માંગરોળ સારવાર માટે ખસેડવો પડ્યો હતો.

ઘટનાની વિગત એવી છે કે, કઠવાડા ગામના આહિર ફળિયામાં રહેતા વિરમભાઈ રણછોડભાઈ વસાવા (ઉં.વ.55) બકરાં ચરાવવા માટે કઠવાડાની હદમાં મહુવેજ સીમ વગામાં ગયા હતા. તેમની સાથે કૂતરાં પણ હતાં અને આ વગામાં આવેલા ભાયા તળાવની પાસે એક ફાર્મ આવેલું છે. જે ફાર્મમાં રહેતાં કૂતરાં અને વિરમભાઈ રણછોડભાઈ વસાવાની સાથે રહેલાં કૂતરાં પણ વધારે ભસવા લાગતાં વિરમભાઈ કૂતરાં કેમ ભસે છે? એ જોવા માટે નજીકમાં જતાં જ કદાવર દીપડાએ વિરમભાઈ ઉપર હુમલો કરી ડાબા કાન તેમજ જમણા હાથે દાંતનાં નિશાન પાડી દીધાં હતાં.

આથી ઈજા થતાં લોહીલુહાણ હાલતમાં વિરમભાઈને સૌપ્રથમ સારવાર માટે વેલાછા અને ત્યાંથી વધુ સારવાર માટે માંગરોળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડાયા હતા. જ્યાં તેમને કાનના ભાગે ત્રણ ટાંકા લેવા પડ્યા હતા.

ઘટનાની જાણ થતા જ કઠવાડા ગામનાં મહિલા સરપંચ જિજ્ઞિશાબેનના પતિ શૈલેષભાઈએ દોડી જઈ બનતી મદદ કરી હતી અને તંત્રને જાણ કરતાં દોડતા થયેલા તંત્રએ ઘટના સ્થળે દીપડાને પકડવા પાંજરું ગોઠવ્યું હતું. થોડા સમય પહેલા પણ કઠવાડામાં ખેતરમાં કામ કરવા ગયેલા મજૂરોએ દીપડો જોયો હતો અને દીપડાએ મજૂરોને ઘુરકિયા કરીને પડકારતાં મજૂરો ભાગી છૂટ્યા હતા. તંત્ર દ્વારા મજૂરોએ જ્યાં દીપડો જોયો હતો ત્યાં પાંજરું મૂકવામાં આવ્યું હતું. પરંતુ દીપડો ઝડપાયો ન હતો. ગામના શ્રમજીવી વિરમભાઈને દીપડાએ નિશાન બનાવતાં ફરી એકવાર કઠવાડા ગામના ખેડૂત અને મજૂરોમાં ભય ફેલાયો છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### વેકેશન શરૂ...

એક્વેરિયમ બંધ રાખવામાં આવશે. વર્ષ 2014 માં આ એક્વેરિયમ પાર્કનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. હજુ તો એક્વેરિયમ પાર્કને લોકાર્પણ થયાને માત્ર 11 જ વર્ષ થયા છે ત્યાં જ તેના સ્ટ્રક્ચર સ્ટેબિલિટીના સરવે કરાયા છે. અને હજી તેનો રિપોર્ટ આવ્યો નથી પરંતુ એક્વેરિયમના સ્ટ્રક્ચરના બીમ વગેરે 70 ટકા જેટલા નબળા જણાતા આગામી દિવસોમાં રીનોવેશન કરાશે તેમજ એક્વેરિયમમાં વેકેશન અને જાહેર રજાના દિવસોમાં ભારે ભીડ સાથે જ પબ્લિક યુઝ થતો હોય પોલીસ તંત્ર પાસે પ્રિમાઈસીસ લાઈસન્સ લેવું પડે છે. હાલમાં પણ પોલીસ તંત્ર પાસેથી લાઈસન્સ લેવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. અને લાઈસન્સ મેળવવા માટે મનપા દ્વારા સ્ટ્રક્ચર સ્ટેબિલિટી રિપોર્ટ આપવાનો રહે છે. જે માટે સેન્ટ્રલ ડિઝાઈન સેલે આ બાબતે સ્થળ મુલાકાત લઈ સ્ટ્રક્ચર નબળું હોવાનું જણાવ્યું છે. જેમાં ઘણા કોલમ નબળા છે તેવો રિપોર્ટ અપાયો છે. જેથી હાલ એક્વેરિયમ મુલાકાતીઓ માટે બંધ રખાયું છે. સ્ટ્રક્ચર સ્ટેબિલિટીનો રિપોર્ટ આવ્યા બાદ આગામી દિવસોમાં એક્વેરિયમમાં જરૂરી સુધારા વધારા સહિત રીનોવેશનની કામગીરી આટોપાશે અને ત્યારબાદ લોકો માટે ફરીવાર ખુલ્લો મુકાશે. હાલ કેટલા દિવસ માટે એક્વેરિયમ બંધ રહેશે તે અંગે કોઈ જાણકારી અપાઈ નથી.

### સોફ્ટવેર ઈજનેર...

નોકરી કરે છે. સોફ્ટવેર ઇજનેર અક્ષત શાહ આજે બપોરે ઘરેથી ઓફિસના કામ માટે જવાનું કહીને ઘરેથી નીકળ્યા હતા. બાદમાં સાંજના અરસામાં તેઓ વેસુ વિસ્તારની આગમ વીવાન્ટાની હોટલ એલીગન્ટ ઈનના ચોથા માળેથી તિક્ષણ હથિયારના ઘા મારેલી ઘાયલ અવસ્થામાં નીચે પટકાયા હતા.

દરમિયાન તેમને કોઈ રાહદારીએ જોતાં હોટલના સ્ટાફને જાણ કરી હતી. બાદમાં તેમને સારવાર માટે 108 મારફતે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમનું મોત થયું હતું. મૃતક, અક્ષતને ડાબા હાથ, ગાળા અને બંને પગની જાંઘમાં તીક્ષ્ણ હથિયારથી ઘા મર્યાના નિશાન મળી આવ્યા છે. આ બનાવ અંગે વેસુ પોલીસને જાણ કરતાં પોલીસે આગળની કાર્યવાહી સાથે વધુ તપાસ શરૂ કરી હતી.

**હોટલમાં પત્નીના નામે રૂમ બુક કરેલો હોવાની ચર્ચા**

વેસુ પોલીસ દ્વારા હોટલ ખાતે તપાસ કરવામાં આવી હતી. જેમાં હોટલના રૂમનું બાથરૂમ લોહી લુહાણ હાલતમાં મળી આવ્યું હતું. હાલ વેસુ પોલીસ દ્વારા વધુ તપાસ કરવામાં આવી રહી છે. અક્ષત જે હોટલના રૂમમાં રોકાયો હતો તે પણ તેની પત્નીના નામે બુક કર્યો હતો તેવી પણ ચર્ચા ચાલી રહી છે. જેને પગલે આ સમગ્ર ઘટના રહસ્યમય બની ગઈ છે.

**પુત્રના મોતના સમાચાર મળતા માતાની તબિયત લથડી, નવી સિવિલમાં સારવાર અપાઈ**

મળેલી માહિતી મુજબ, અક્ષતના મોતના આઘાતમાં માતાની તબિયત લથડતા તેણીને નવી સિવિલ હોસ્પિટલ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપવામાં આવી આવી હતી. સાંજના સમયે અક્ષતના મોતના સમાચાર મળતા માતાની તબિયત લથડી હતી.

### નશેડીએ કિશોરની...

મળી રહ્યો હતો. જો કે, સોમવારે રાત્રે આક્રોશિત લોકોએ કાપોદ્રા પોલીસ સ્ટેશનનો ઘેરાવ કરી ન્યાયની માંગણી કરી હતી. માંડ માંડ મોડી રાત્રે 2 વાગ્યે થાળે પડેલો મામલો ફરી મંગળવારે બપોરે ઉગ્ર બન્યો છે તેમજ દારૂના અડ્ડા ખુલ્લેઆમ ચાલતા હોવાના આક્ષેપો સાથે મોટી સંખ્યામાં મહિલાઓ કાપોદ્રા પોલીસ સ્ટેશન આવી હતી.

તેમણે દારૂના અડ્ડા બંધ કરાવવાની ઉગ્ર માંગ કરી હતી તેમજ આ દરમિયાન મહિલાઓની પોલીસ સાથે ઝપાઝપી થઈ હતી. પોલીસ માંડ માંડ ભીડ પર કાબૂ કરી શકી હતી. આ દરમિયાન 17 વર્ષના કિશોરની હત્યા કરનાર આરોપીને ફાંસીની સજા આપવાના નારા લગાવવામાં આવ્યા હતા. જેને પગલે મહિલાઓએ કાપોદ્રા પોલીસ સ્ટેશનનો ઘેરાવ કરતાં શહેરનો ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. મૃતક પરેશના પિતા અરવિંદભાઈને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા. તેમજ ક્રાઈમ બ્રાન્ચ ડીસીપી ભાવેશ રોજીયાએ પોતાનો નંબર આપ્યો હતો અને ન્યાયની બાંયધરી મળતાં મામલો શાંત થયો હતો.

**સગીરની હત્યા બાદ રિક્ષાચાલકને ચપ્પુના બે ઘા માર્યા**

કાપોદ્રા વિસ્તારમાં રહેતા 17 વર્ષીય પરેશ વાઘેલાને ચપ્પુના ઘા માર્યા બાદ આરોપીએ ચોકમાં જઈને ત્યાં ઊભેલા રિક્ષાચાલક ધીરેન્દ્રને થોડે દૂર સુધી મૂકી જવા કહ્યું હતું. જેમાં ધીરેન્દ્રએ પત્નીનો ફોન આવ્યો હોવાથી શાકભાજી લઈને ઘરે જાઉં તેવું કહેતાની સાથે આરોપી પ્રભુએ ધીરેન્દ્રને પણ ખભા અને સાથળના ભાગે ચપ્પુના બે ઘા ઝીંકી દીધા હતા. હાલમાં ધીરેન્દ્રની હાલત પણ ખરાબ છે અને સારવાર ચાલી રહી છે.

**મૃતકના પિતાને પોલીસ સ્ટેશન લઈ જવાયા, ક્રાઇમ બ્રાન્ચ ડીસીપીએ ન્યાયની ખાતરી આપી**

મૃતક પરેશના પિતા અરવિંદભાઈને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા. તેમજ ક્રાઇમ બ્રાન્ચ ડીસીપી ભાવેશ રોજીયાએ પોતાનો નંબર આપ્યો હતો. ન્યાયની બાંયધરી મળતાં મામલો શાંત થયો હતો.

### દારૂના અડ્ડા...

ફાંસીની માંગ હતી. અમે તેને આ કેસ ટાઇટ કરવાની બાંયધરી પણ આપી દીધી છે. ડીસીપીએ વધુમાં કહ્યું કે, FSL અને ઇ-સાક્ષીમાં પંચનામું રેકોર્ડ કરવા સહિતની કાર્યવાહી કરીશું.

આ કેસમાં ક્રાઇમ બ્રાન્ચની સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશનની ટીમ કામ કરી રહી છે. આ કેસને ફુલપ્રૂફ બનાવવા માટે સાયન્ટિફિક પુરાવા એકત્રિત કરી કોર્ટમાં રજૂ કરીશું.

દારૂના કોઈપણ અડ્ડા સામે સ્પેશિયલ પેટ્રોલિંગ કરી કડક કાર્યવાહી કરવામાં આવશે.